ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં વધુ પોણા બે ઈંચ વરસાદ

## સવારે તડકો નિકળ્યા બાદ બપોરના સમયે અચાનક જ વાદળો ઘેરાઇ આવ્યા : સિઝનનો ૩૯ ઇંચ વરસાદ નોંધાયો

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં આજે બપોરે અચાનક જ વાતાવરણ પલ્ટાની સાથે ધોધમાર વરસાદ તુટી પડયો હતો. આકાશમાં ઘેરાઈ આવેલા વાદળો થોડીવાર માટે મનમુકીને વરસી પડતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. શહેરમાં પોણા બે ઈંચ જેટલો વરસાદ પડયો હતો. આક્રમક મિજાજમાં વરસતા મેઘરાજાના લીધે સેકટરોના આંતરિક માર્ગો પર પલવારમાં જ પાણી ભરાઈ ગયા હતા. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૩૯ ઈંચ વરસાદ નોંધાયો છે. જો કે નવા સેકટરોમાં વરસાદ ધોધમાર વરસ્યો હતો. જયારે જુના સેકટરોમાં હળવા છાંટણા પડયા હતા.


છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પલ્ટો જોવા મળી રહ્યો છે. અરબી સમુદ્રમાં લો પ્રેશર ઉભુ થતા હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહીતના વિસ્તારમાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જયારે મધ્ય અને ઉત્તર ગુજરાતના વિસ્તારમાં પણ હળવા ભારે વરસાદી ઝાપટા વરસે તેવી સંભાવના પણ હવામાન વિભાગે વ્યકત કરી છે. છેલ્લા બે દિવસથી લો પ્રેશરની અસર વચ્ચે આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા રહે છે. જયારે ગોરંભાયેલા વાદળો વચ્ચે વરસાદી છાંટણા પણ વરસતા રહે છે. આવા સંજોગોમાં આજે બપોરે અચાનક જ આકાશ ચોખ્ખુ હતુ ત્યાં વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા. પલવારમાં આકાશી નઝારો બદલાયો હતો. જયારે થોડીવારમાં જ વરસાદ શરૂ થઈ ગયો હતો. વરસાદનો મિજાજ આક્રમક હોવાથી ભારે ઝાપટાના અંતે શહેરના સેકટરોમાં ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. માત્ર અડધા પોણા કલાકના સમયગાળામાં જ સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. શહેરમાં ૪૪ મી મી જેટલો વરસાદ નોંધાયો હતો. અત્યાર સુધી સિઝનનો ૭૨૨ મી મી વરસાદ નોંધાયો છે. વરસાદના અંતે બપોર બાદ વાતાવરણમાં ઠંડક પ્રવર્તી હતી. સેકટરોમાં ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. નવરાત પુર્વે સેકટરોમાં ચાલતી શેરી ગરબાની ઉજવણીની તૈયારીઓ પણ વરસાદી મોસમના લીધે પ્રભાવિત થઈ છે. ગરબા મહોત્સવના આયોજકો પણ ચિંતામાં મુકાયા છે. વરસાદના અંતે વાતાવરણમાં થોડીવાર માટે ઉઘાડ નિકળ્યો હતો. ત્યારબાદ સાંજના સમયે આકાશમાં ફરી વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા.





# ગામડાનો શહેર બનવાનો મોહ કેમ ?

## ગ્રામીણ ગાંધીનગરનો કેસ સ્ટડી ઘણું બધું સમજાવી દે છે




પ્રા. ડો. રાજેન્દ્ર જાની

આપણે આંતરમાળખાકીય સુવિધા સાથે ગુજરાતની વાત શહેરીકરણના સંદર્ભમાં તપાસીએ ત્યારે એક વાત એવી જોવા મળે છે કે સમગ્ર દેશના વિવિધ રાજ્યો પૈકી ગુજરાત રાજ્યમાં શહેરીકરણની ગતિ વધુ ઝડપી છે. ઔદ્યોગિક વિકાસ સાથે રાજ્ય સરકાર દ્વારા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે ઘડાયેલી પ્રોત્સાહક નીતિના કારણે અન્ય રાજ્યોના કામદારો માટે રોજગારી આપતું એક રાજ્ય ગુજરાત છે. જેમ જેમ ઉદ્યોગો આવે તેમ તેમ તે ઉદ્યોગો અને તેમાં મદદરૂપ થતા ઉદ્યોગો (સંલગ્ન) વિકસે છે. પરિણામે ઔદ્યોગિક ક્ષેત્રમાં સ્થળાંતરીત મજૂરો મોટા પાયા ઉપર આવે છે. પરિણામે જો ગ્રામીણ વિસ્તાર હોય તો એ પણ ધીરે ધીરે કે ઝડપભેર શહેરીકરણની અવસ્થા ધારણ કરે છે. સેન્સસ ૨૦૧૧ અનુસાર ગુજરાતમાં એક કરોડ ૨૧ લાખ પરિવારો નોંધાયા છે. જેમાં ૬૭.૬૫ લાખ પરિવારો ગ્રામીણ ગુજરાતમાં અને ૫૪.૧૬ લાખ પરિવારો શહેરી વિસ્તારોમાં નોંધાયા છે. જેની ટકાવારી અનુક્રમે ૫૬ ટકા અને ૪૪ ટકા થાય છે. આમ, ગુજરાતમાં પણ શહેરી વસ્તી કરતાં ગ્રામીણ વસ્તીનું પ્રમાણ વધારે છે. અગાઉ કહ્યું તેમ ઔદ્યોગિક અને શહેરી વિકાસનો ઝોક ગુજરાતમાં વધુ છે, ગામડાઓ હવે નાના કસ્બા અને નગરોમાં તબદીલ થઈ રહ્યા છે. પણ ગામડાંઓની જે પરિસ્થિતિ હોય છે એમાં ઝડપભેર બદલાવ આવતો નથી. સમાજ વ્યવસ્થાનું પાયાનું એકમ કુટુંબને જે ભૌતિક જરૂરીયાતોની પૂર્તિની બાબતે ખોટ યથાવત રહે છે.

ઉદાહરણ તરીકે જોઈએ તો ગાંધીનગરમાં ગ્રામીણ વિસ્તારમાં એક લાખ ૬૦ હજાર પરિવારો છે. આ પરિવારોની રોજિંદી જરૂરીયાતને ધ્યાનમાં લઈએ તો પીવાનું પાણી, વીજળી અને શૌચાલયની સ્થિતિ તપાસીએ તો આપણને સામાજિક વિકાસની વિગતો મળી શકે. ગાંધીનગર ગ્રામીણ ક્ષેત્રમાં ૫૨ ટકા પરિવારો (૮૪,૧૩૫) એવા છે કે જેમને નળ દ્વારા પાણી તો મળે છે પરંતુ કોઈપણ પ્રકારના શુદ્ધિકરણ સિવાયનુ. જેમને નળ દ્વારા શુદ્ધ ના થયેલું પાણી વપરાશ માટે મળે છે તે પરિવારોની જ વધુ વિગતો તપાસતા એવી માહિતી મળે છે કે ૫૦ ટકા પરિવારો પાસે વીજળી તો છે પરંતુ શૌચાલય ઉપલબ્ધ નથી ! જ્યારે ૮ ટકા પરિવાર એવા છે કે જેમને વીજળી પણ નથી અને શૌચાલય સુવિધા પણ નથી. યાદ રહે કે આપણે આ એવા ગ્રામીણ ગાંધીનગરના પરિવારોની વાત કરી રહ્યા છીએ એમને નળ દ્વારા પીવાનું શુદ્ધ પાણી મળતુ નથી.

આપણે જ્યારે એવી ચર્ચા કરી રહ્યા હોઈએ છે કે ગ્રામીણ વિસ્તારના લોકોને હવે શહેરમાં વસવુ છે અથવા તો ગામડાંઓ ઝડપભેર ભાંગવા માંડ્યા છે. હું અને તમે જ્યારે શહેરી હોઈએ ત્યારે આપણે આવી બૌદ્ધિક ચર્ચા કરીએ છીએ. પરંતુ આ ચર્ચામાં આપણે મૂળ પ્રશ્ન ચર્ચતા જ નથી કે શા માટે ગ્રામીણ વસ્તીને શહેરમાં રહેવા આવવુ છે ? અથવા તો ગામડું શહેર બનવા કેમ દોટ મૂકી રહ્યું છે ?

● અનુસંધાન પાન-૭ પર

# આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત જિલ્લામાં ૧૨૫૨ લાભાર્થીઓએ લાભ લીધો

## ભારત સરકારની મહત્વાકાંક્ષી યોજનાના અમલીકરણની આજે પ્રથમ વર્ષગાંઠ : જિલ્લામાં ૬૬ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો છે : ૧૯ ખાનગી હોસ્પિટલો પણ જિલ્લાની આ યોજના સાથે સંકળાયેલી છે

ગાંધીનગર, તા.૨૨

આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત જિલ્લામાં ૧૨૫૨ જેટલા લાભાર્થીએ લાભ લીધો છે અને તેમની સારવાર પેટે રૂ. ૨ કરોડ ૭૮ લાખનો ખર્ચ થવા પામ્યો છે.

ભારત સરકાર દ્વારા અમલમાં મુકાયેલ અતિ મહત્વાકાંક્ષી યોજના આયુષ્યમાન ભારત યોજનાને આજે એક વર્ષ પૂર્ણ થઈ રહ્યું છે. જિલ્લામાં આ યોજના અંતર્ગત લાભાર્થીઓને ગોલ્ડકાર્ડ આપવામાં આવે છે. અને લાભાર્થીને રૂ. પાંચ લાખ સુધીની સારવાર આ કાર્ડથી ઉપલબ્ધ બને છે. આ યોજનાના ૧ લાખ ૬૪ હજાર જેટલા લાભાર્થીઓને અત્યાર સુધીમાં ગોલ્ડકાર્ડ એનાયત કરી દેવામાં આવ્યા છે. જિલ્લો ગોલ્ડકાર્ડ આપવામાં હાલ રાજયમાં ૮મા ક્રમે છે.

આયુષ્યમાન ભારત યોજના અંતગર્ત જિલ્લામાં અત્યાર સુધીમાં ૬૬ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો કાર્યાન્વીત કરી દેવામાં આવ્યા છે. જે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો કાર્યાન્વીત થયા છે તેમાં ગાંધીનગર તાલુકામાં ૧૭, દહેગામ તાલુકામાં ૧૫, માણસા તાલુકામાં ૧૨ અને કલોલ તાલુકામાં ૧૨ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો છે.

ગાંધીનગર તાલુકાના ઉનાવા ખાતેનું હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર એ સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેણે રૂફટોપ કીચન ગાર્ડન પ્રોજેકટ અમલમાં મુકયો છે અને તેની નોંધ દેશભરમાં લેવાઈ છે.

મળતી વિગતો પ્રમાણે આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં સારવાર ઉપલબ્ધ છે. ખાનગી હોસ્પિટલોમાં પ્રધાનમંત્રી આરોગ્ય મિત્ર ઉપલબ્ધ હશે જેઓ લાભાર્થીને સારવાર સમયે માર્ગદર્શન પુરું પાડશે. ગાંધીનગર જિલ્લામાં ૧૯ ખાનગી હોસ્પિટલોમાં આ યોજના અંતર્ગત સારવાર ઉપલબ્ધ છે.

# આખરે મનપાએ વીઆઈપી સેક્ટરોની હોસ્ટેલોને પણ નોટીસ ફટકારી

## હવે સીલીંગ થાય છે કે કેમ તેને લઈ પ્રજામાં ઉત્સુકતાનો માહોલ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા રહેણાંક વિસ્તારોમાં ચાલતી ગેરકાયદે હોસ્ટેલ સામેની ઝુંબેશ સોમવારથી આગળ વધશે. મનપાના તંત્ર સામે સંકલન સમિતિની બેઠકમાં બોલેલી તડાપીટ પછી હવે હરકતમાં આવેલા તંત્રએ સે. ૧, ૨ અને ૮માં આવી હોસ્ટેલના સંચાલકોને નોટીસ ફટકારી છે.

મહાનગરપાલિકા દ્વારા સે. ૨૫માં એકતરફી કાર્યવાહી કરવામાં આવી રહી હોવાની ઉઠેલી છાપને લૂંછવા માટે સે. ૧, ૨ અને ૮માં રહેણાંક વિસ્તારમાં ચાલતી ૧૩ થી વધુ હોસ્ટેલોને ગઈકાલે જ નોટીસ આપી દીધી છે.

મનપાના તંત્ર દ્વારા આ સેક્ટરોમાં નોટીસ અપાઈ છે તેમાં કેટલાક ઉચ્ચ અધિકારીઓ અને રાજકીય પક્ષના આગેવાનોનો પણ સમાવેશ થાય છે. મનપાના તંત્ર દ્વારા નોટીસો આપવાની કાર્યવાહી થયા બાદ હવે આનુ સીલીંગ કરવામાં આવે છે કે કેમ ? તેના પર સૌની નજર મંડાયેલી છે.

● અનુસંધાન પાન-૭ પર






ગાંધીનગર મલયાલી સમાજ દ્વાર સે-૭ લગ્નવાડી ખાતે રવિવારે ઓણમના પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ઓણમ પર્વ મહાબલી રાજની યાદમાં મલયાલી સમાજ દ્વારા ઉજવણી કરવામાં આવે છે. આ પ્રસંગે મલયાલી સમાજની બહેન દિકરીઓએ ફુલવોની રંગોળી સહીત અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા. જયારે કેળના પાન પર ભોજનનો સ્વાદ માંણ્યો હતો

## ગાંધીનગર દિપડા માટે ફેવરિટ બનતુ જાય છે

# શહેરના જ-માર્ગ પર દિપડો દેખાતા વનતંત્રના અધિકારી ચોંકી ગયા હતા

## અગાઉ દિપડાને કેદ કરવા માટે સાસણગીરથી નિષ્ણાંતોની ટીમ પણ બોલાવી હતી પરંતુ દિપડો હાથ લાગ્યો ન હતો

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર દિપડાને હવે ગમી ગયુ છે. અગાઉ ગત દિવાળીએ ધનતેરસના દિવસે નવા સચિવાલય સંકુલમાં ઘુસી ગયેલા દિપડાએ વનતંત્રને નાકે દમ લાવી દીધો હતો. જયારે છેલ્લા કેટલાક સમયથી ગાંધીનગર નજીકના ગ્રામ્ય વિસ્તારના જંગલમાં દિપડો આંટા મારતો હોવાથી વનતંત્રની ટીમ છેલ્લા ઘણાં સમયથી દિપડાને કેદ કરવા મથી રહી છે બીજીતરફ થોડા દિવસો અગાઉ નગરના જ માર્ગ પર દિપડાએ દેખા દીધી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. વનતંત્રના એક અધિકારીએ જ માર્ગ પર દિપડાને જોતા ચોંકી ઉઠેલા વનતંત્રએ દિપડાનુ પગેરુ જાણવા સાસણગીરથી નિષ્ણાંતોની ટીમ બોલાવી હતી પરંતુ દિપડો હાથમાં લાગ્યો ન હતો.

ગાંધીનગરમાં હવે રખડતા ઢોરની જ નહીં પરંતુ દિપડો પણ વારંવાર દેખાય છે. ગત દિવાળીના પર્વ દરમિયાન ધનતેરસના દિવસે નવા સચિવાલયના સંકુલમાં ઘુસી ગયેલા દિપડાને કેદ કરવામાં આવ્યો હતો. વનતંત્રની ટીમને પણ નાકે દમ આવી ગયો હતો. જયારે છેલ્લા એક વર્ષથી દિપડો શહેર આસપાસના ગ્રામ્ય વિસ્તારના જંગલોમાં ફરતો હોવાની ફરિયાદો પણ અનેકવાર ઉઠવા પામી છે. ગાંધીનગર નજીકના પીંપળજ, અલુવા, પીંડારડા સહીતના નદીકાંઠાના આસપાસના ગામોમાં દિપડાએ વસવાટ કર્યુ હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. જયારે અગાઉ દિપડાને કેદ કરવા માટે પાંજરા સહીત મારણ મુકીને પણ વનતંત્ર દ્વારા અનેકવાર પ્રયાસો કરાયા હતા. પરંતુ દિપડો હાથ લાગ્યો ન હતો. જયારે દિપડને કેદ કરવા માટે સાસણગીરથી એકસ્પર્ટની ટીમ પણ બોલાવામાં આવી હતી. જો કે આ ટીમ ગાંધીનગરમાં દેખાયેલા દિપડાને કેદ કરવા માટે ખાસ બોલાવામાં આવી હોવાનુ પણ પ્રકાશમાં આવ્યુ છે. આ દરમિયાન અગાઉ વનવિભાગના એક અધિકારીએ જ માર્ગ પર દિપડાને જોતા સમગ્ર મામલો સામે આવ્યો હતો જયારે દિપડાને કેદ કરવા માટે નિષ્ણાંતોને બોલાવી અભિયાન હાથ ધરાયુ હતુ. શહેર નજીકના ગામોમાં દિપડાની શોધખોળ બંધ કરી જ માર્ગ પર દેખાયેલા દિપડાને પાંજરામાં કેદ કરવા માટે વનતંત્રએ પ્રયાસ હાથ ધર્યા હતા પરંતુ દિપડો વન વિભાગના હાથમાં લાગ્યો ન હતો. ગાંધીનગર દિપડા માટે સાનુકુળ હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. શહેર આસપાસના જંગલ વિસ્તારમાં દિપડો સરળતાથી અવરજવર કરી લે છે. જયારે જ માર્ગ પર દિપડાએ દેખા દેતા વનતંત્ર પણ સફાળુ જાગ્યુ હતુ. આ દિપડાને કેદ કરવા માટે તમામ પ્રયાસો હાથ ધરાયા હતા. દિપડાની શોધખોળના અંતે વન વિભાગના હાથમાં કાંઇ ન લાગતા દિપડો ફરી એકવાર વનતંત્રને હાથતાળી આપી ગયો હતો.

# આજે અન્ન આયોગ ગાંધીનગરની મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૨

આજે ગાંધીનગર જિલ્લાના પ્રવાસે અન્ન આયોગ આવી રહેલ છે. બપોરે ત્રણ વાગે ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે અન્ન આયોગ દ્વારા જિલ્લાની સમીક્ષા પણ થશે. અન્ન આયોગના ચેરમેન અમૃતભાઈ પટેલ તથા સચિવ નરમાવાલા અને તેમની ટીમ પ્રથમવાર જિલ્લાના પ્રવાસે આવી રહ્યા છે. તેઓ ગાંધીનગર જિલ્લામાં અન્ન સલામતિ કાયદો, આંગણવાડીના પ્રશ્નો, મધ્યાહન ભોજન યોજના સહિતના મુદ્દાઓની સમીક્ષા કરાશે. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર, જિલ્લા પુરવઠા અધિકારી, નાયબ કલેક્ટર મધ્યાહન ભોજન યોજના, પ્રોગ્રામ ઓફિસર સહિતના અધિકારીઓ હાજર રહેશે.

# પુરવઠા નિગમની પરીક્ષામાં પ્રશ્નપત્ર સરળ પણ છતાંય પરીક્ષાર્થીઓને સમય ખુટ્યો

ગાંધીનગર, તા. ૩૦

નાગરિક પુરવઠા નિગમ દ્વારા આજે તેની વિવિધ સંવર્ગની ભરતી માટે યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રશ્નપત્ર સરળ પરંતુ લાંબુ નીકળતાં પરીક્ષાર્થીઓ ઘણુ બધુ છુટી ગયાની વાતો કરતા સાંભળવા મળ્યા હતા.

મદદનીશ અને મદદનીશ ડેપો મેનેજર સંવર્ગની પરીક્ષા આમ તો ઓગષ્ટ માસમાં યોજાવાની હતી પરંતુ રાજ્યમાં ભારે વરસાદની સ્થિતિ હોવાથી તે મુલ્તવી રાખવાની જાહેરાત કરાઈ હતી. આજે આ પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં મળતા બિનસત્તાવાર અહેવાલ પ્રમાણે ૬૦ થી ૬૫ ટકા પરીક્ષાર્થીઓની હાજરી નોંધાઈ હતી.

આજે યોજાયેલ આ સ્પર્ધાત્મક પરીક્ષાનું પ્રશ્નપત્ર આમ તો સરળ હતુ પરંતુ લાંબુ હોવાથી વિદ્યાર્થીઓને સમય ઉત્તરો આપવામાં ખુટ્યો હતો. ૬૦ મિનિટમાં ૧૦૦ પ્રશ્નોના ઉત્તરો લખવાના હતા. આજની આ પરીક્ષામાં ક્વોન્ટીટેવ એબોલીટી, એનાલીટીકલ એબીલીટી, લોજીકલ રિજનીંગ, કરન્ટ એફેર્સ ભારત અને રાજ્ય તેમજ ગુજરાતનો ઈતિહાસ, ભૂગોળ અને વહીવટીતંત્રને લગતા પ્રશ્નો પુછાયા હતા.

ઓએમઆર પરીક્ષાનું પ્રશ્નપત્ર હોવાથી પરીક્ષાર્થીઓને સમય ખુટવા પામ્યો હતો. એનાલીટીકલ એબીલીટી અને લોજીકલ રીજનીંગના પ્રશ્નો વિચારણા માંગી લે તેવા હોવાથી પરીક્ષાર્થીઓ તેમાં વધુ અટવાઈ ગયા હતા.

આ સ્પર્ધાત્મક પરીક્ષાનુ પરિણામ એકાદ માસમાં જ જાહેર કરી દેવાશે તેમ નાગરિક પુરવઠાના બિનસત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આજની આ સ્પર્ધાત્મક પરીક્ષામાં ગેરરીતિના કોઈ કેસ નહિ નોંધાયા હોવાનું પણ જાણવા મળેલ છે. શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા સંપન્ન થઈ છે.

# ઉત્તર ગુજરાત વીજ કંપનીની ગાંધીનગર વિભાગીય કચેરીનું વિભાજન કરાયુ

ગાંધીનગર, તા. ૨૨

ઉત્તર ગુજરાત વીજ કંપનીની ગાંધીનગર ડિવીઝન કચેરીનું વિભાજન કરવાનો નિર્ણય લેવાયા બાદ ગાંધીનગર ગ્રામ્ય વિભાગીય કચેરી કાર્યાન્વીત કરી દેવામાં આવી છે.

ગાંધીનગર ગ્રામ્ય વિભાગીય કચેરીના કાર્યક્ષેત્રમાં ગાંધીનગર તથા દહેગામ તાલુકાના ૧૯૦ ગામ તથા બે ટાઉનનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર ગ્રામ્ય વિભાગીય કચેરીમાં ચિલોડા, દહેગામ, રખિયાલ તથા ગાંધીનગર પેટા વિભાગીય કચેરીના ગ્રાહકોને ઝડપી, સુઘડ અને સુવિધાસભર વીજ પુરો પાડવામાં આવશે.

ગાંધીનગર વિભાગીય કચેરીમાંથી બે વિભાગીય કચેરીમાં વિભાજીત થવાથી ગાંધીનગર અર્બન વિભાગીય કચેરી હેઠળ

● અનુસંધાન પાન-૭ પર















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com